For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



■ હર્ષ મહેતાના સમર્થકો દ્વારા મહિલાને ધક્કો મારી ફેંકી દેવાઈ.



■ ગોરાટ વિસ્તારમાં ભાજપના ઉમેદવારોને સોસા.માં પ્રવેશ સામે સ્થાનિકોનો વિરોધ, સામ-સામે ચાલેલા સુત્રોચ્ચારો, આ સુત્રોચ્ચારો બાદ જ ઘર્ષણ શરૂ થયું હતું. જેમાં ઝપાઝપી થઈ હતી.



■ સમર્થકો અને સ્થાનિકો વચ્ચે થયેલી મારામારી.

**ભાજપનો ગઢ ગણાતાં વોર્ડ નં.11ના**

# ગોરાટમાં ભાજપના ઉમેદવારોનો ઉગ્ર વિરોધ, લોકોએ ધોલાઈ કરી

**ભાજપના** ઉમેદવારો અને આગેવાનો પ્રચાર માટે ગયા હતા ત્યારે સોસા.માં પ્રવેશ નહીં કરવા મામલે ઉમેદવારો-કાર્યકરો અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ

સુરત : ભાજપનો ગઢ ગણાતા વોર્ડ નં.11ના ગોરાટ વિસ્તારમાં આજે પ્રચાર માટે ગયેલા ભાજપના ઉમેદવારો, ધારાસભ્ય અને પૂર્વ મેયર સહિતના ભાજપના આગેવાનોનો સ્થાનિકો દ્વારા ભારે વિરોધ કરવામાં

...અનુસંધાન પાના 5 પર



### બોઘાવાલાને ધક્કે ચડાવાયા, પૂર્ણેશ મોદીનો સમજાવટનો પ્રયાસ એળે

પૂર્વ મેયર હેમાલી બોઘાવાલાને પણ ધક્કે ચડાવવામાં આવ્યા હતા. ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા સ્થાનિકોને સમજાવવા માટે

...અનુસંધાન પાના 5 પર

### હર્ષ મહેતાના સમર્થકોએ મહિલા પર બાઈક ચડાવી દેવા પ્રયાસ કર્યો, ઝપાઝપી કરી, દુપટ્ટા ખેંચ્યા, કપડા ફાડી નાંખી ધમકી આપ્યાના આક્ષેપો

સ્થાનિકો દ્વારા એવા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં કે ભાજપના ઉમેદવાર હર્ષ મહેતા દ્વારા 'જય શ્રી રામ'ના નારા લગાડીને લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા. હર્ષ મહેતા દ્વારા લોકો સાથે દાદાગીરી કરવામાં આવી હતી. હર્ષ મહેતાના કહેવાથી જ કાર્યકરો દ્વારા સ્થાનિકોને ધક્કામુક્કી કરવાની સાથે એક મહિલાને ધક્કો પણ મારવામાં આવ્યો હતો અને મારામારી કરવામાં આવી હતી.

...અનુસંધાન પાના 5 પર



### સ્થાનિકોના 'ગો બેક'ના નારાની સામે ઉમેદવારોના 'જય શ્રી રામ'ના નારાથી મામલો બિચક્યો

કાળા કપડા પહેરીને વિરોધ કરી રહેલા સ્થાનિકોના 'ગો બેક'ના નારા સામે ઉમેદવારો અને કાર્યકરો દ્વારા 'જય શ્રી રામ'ના નારા લગાડવામાં આવતાં વાતાવરણ ગરમ થઈ ગયું હતું. તેમાં સ્થાનિકો અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે બોલાચાલી શરૂ

...અનુસંધાન પાના 5 પર

**JEE મેઈન્સ-2026માં સુરતના વિદ્યાર્થીઓનું શાનદાર પ્રદર્શન**

# નિરાજ પાર્ટાણી 99.99 PR સાથે સુરતમાં પ્રથમ, AIR-111

**પી.પી.સવાણીની** વિદ્યાર્થિની સાન્વી ઝવેરી ૯૯.૯૧ સ્કોર સાથે ગર્લ્સ કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ

સુરત: JEE મેઈન્સ-2026ના પરિણામોમાં ફરી એકવાર સુરત શહેરએ પોતાની ઉત્તમ પરંપરા જાળવી રાખી છે. વિદ્યાર્થીઓએ ઊંચા પર્સેન્ટાઇલ સાથે શાનદાર સફળતા હાંસલ કરી છે, જે ગુણવત્તાસભર શિક્ષણ અને સઘન મહેનતનું જીવંત ઉદાહરણ બની છે. આ વર્ષે ખાસ કરીને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

એપ્રિલ મહિનામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા દેશની ટોચની એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે લેવાયેલ જેઈઈ મેઈન ફેઝ ૨ પરીક્ષાનું આજરોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં પી.પી.સવાણી શાળાની વિદ્યાર્થિની સાન્વી ઝવેરીએ ૯૯.૯૧ PR મેળવી ગર્લ્સ કેટેગરીની અંદર

...અનુસંધાન પાના 5 પર

### નવા વિષયોની ઉત્સુકતા મને પ્રેરણા આપતી હતી: નિરાજ પાર્ટાણી



સુરતના નિરાજ પાર્ટાણીએ JEE મેઇન્સ 2026માં AIR-111 મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી. સેશન-2માં તેમનો પર્સેન્ટાઇલ 99.99 રહ્યો, જ્યારે સેશન-1માં 99.98 હતો. તેઓએ જણાવ્યું કે ગણિત વિષયે તેમના સ્કોરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું અને કોઈ વિષય ખાસ મુશ્કેલ લાગ્યો નહોતો. નિરાજને નવા વિષયો શીખવાની ઉત્સુકતા સતત અભ્યાસ માટે પ્રેરણા આપતી રહી. ખાસ કરીને અંતિમ એક અઠવાડિયામાં તેમણે રિવિઝન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બે વર્ષની તૈયારી દરમિયાન મોક ટેસ્ટ અને પુનરાવર્તનને તેમણે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવ્યું. તેઓ IITમાં કોમ્પ્યુટર સાયન્સ અભ્યાસ કરવા ઇચ્છે છે. તેમની સલાહ મુજબ, કેમિસ્ટ્રી માટે NCERT ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, જ્યારે ફિઝિક્સ અને ગણિત માટે કોચિંગ મટીરિયલ વધુ ઉપયોગી છે.

### સાતત્ય, આત્મવિશ્વાસ, નિયમિત રિવિઝન અને તમામ મોડ્યુલ્સ પૂર્ણ કરે તો સફળતાં: શૌર્ય ખેમકા



શૌર્ય ખેમકાએ JEE મેઇન્સ 2026માં AIR-179 પ્રાપ્ત કરી સફળતા મેળવી. તેમણે જણાવ્યું કે સેશન-2માં તેમનો પર્સેન્ટાઇલ સેશન-1 કરતાં થોડો ઓછો રહ્યો હતો, છતાં તેઓ પોતાના પરિણામથી ખુશ છે. 11મા ધોરણમાં એક સમયે માર્ક્સ ઘટતા તેઓ નિરાશ થયા હતા, પરંતુ શિક્ષકોના માર્ગદર્શનથી ફરી મજબૂત બન્યા. હાલ તેઓ JEE Advanced માટે તૈયારીમાં પોતાના નોટ્સનું રિવિઝન અને અગાઉના વર્ષોના પ્રશ્નપત્રો (PYQs) ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેઓએ હજી કોઈ ચોક્કસ NIT અથવા બ્રાન્ચ નક્કી કરી નથી. શૌર્ય વિદ્યાર્થીઓને સાત્યતા, આત્મવિશ્વાસ, નિયમિત રિવિઝન અને તમામ મોડ્યુલ્સ પૂર્ણ

...અનુસંધાન પાના 5 પર

# મંગળવારે બધું શિસ્તબદ્ધ, તો રવિવારે ઉધના રેલવે સ્ટેશને તંત્ર ક્યાં ગયું હતું?

**રાત્રિથી** સ્ટેશન પર આવી ગયેલા મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં રખાયા

**આરપીએફ**, જીઆરપી જવાનોનું હોલ્ડિંગ એરિયાથી લઈને ટ્રેનના દરવાજા સુધી સતત મોનિટરિંગ

**જીએમ** રામાશ્રય પાંડેની ડાંટ બાદ તંત્ર સંયમમાં, મુસાફરો સાથે સમજાવટથી કામ કરતાં નજરે પડયાં

### મુસાફરો નહીં હોવાથી સવારે ૧૧:૨૫ વાગ્યાની દુર્ગાપુર ટ્રેન રદ કરવી પડી

રેલવેના એઆરએમ મેઘવાલે જણાવ્યું હતું કે આજે કોઈ જ સમસ્યા ઉધના રેલવે સ્ટેશન વિસ્તારમાં ઉદભવેલી ન હતી. મુસાફરો પણ તંત્રનાં કહેવા મુજબ શિસ્ત અપનાવી લીધી હતી. જે મુસાફરોને વતન જવું હોય એ માટે રેલ પ્રશાસને સ્પેશિયલ ટ્રેનોની સગવડ કરી રાખી છે. જરૂરિયાત મુજબ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આજે ૧૦ વાગે પછી મુસાફરો નહીં હોવાથી સવારે ૧૧:૨૫ વાગ્યાની દુર્ગાપુર ટ્રેન રદ કરવી પડી હતી.

સુરત: રવિવારે બનેલી ઘટના બાદ પશ્ચિમ રેલવે પ્રશાસન બરોબરનું દોડતું થઇ ગયું છે. તાબડતોબ વધારાની ટ્રેનો દોડાવવાની સાથે ભીડને નિયત્રંતમાં રાખવા માટે રાતોરાત હોલ્ડિંગ એરિયા બનાવી દીધાં. પરપ્રાંતિયોમાં વતન જવાની દોટ વચ્ચે આજે પણ ઉધના રેલવે સ્ટેશન પર ફરી એકવાર મુસાફરો ઉમટી પડ્યા હતા. જો કે આ વખતે જીઆરપી અને આરપીએફ પોલીસ જીએમ રામાશ્રય પાંડેની ડાંટ બાદ વધુ એલર્ટ થઈને મુસાફરોને સમજાવટથી કામ કરતાં નજરે પડતાં હતાં. રવિવારની ઘટનાં બાદ ગત રાત્રિ મુસાફરો સ્ટેશન પર ધસી આવ્યા હોવાથી તેમને પ્લેટફોર્મ પર ભીડ કરવાને બદલે 'હોલ્ડિંગ એરિયા'માં રાખવામાં આવ્યા હતા. ટ્રેન આવવાના સમયે મુસાફરોને લાઈનબદ્ધ રીતે કોચ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. રેલતંત્રની આ વ્યૂહરચનાને કારણે આજે કોઈ ધાંધલ-ધમાલ વગર મુસાફરો શાંતિથી ટ્રેનમાં બેસી શક્યા હતા. મુસાફરોની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે ઉધના સ્ટેશન પર પોલીસનો કાફલો

...અનુસંધાન પાના 5 પર

**મિડલ ઈસ્ટ યુદ્ધની અસરથી એલપીજી પુરવઠામાં 25% કાપ**

# LPGની અછતથી સુરતમાં અનેકના ધંધા બંધ થઈ ગયાં

**એલપીજી** ગેસનો પુરવઠો હજુ પણ પૂરતો ન હોવાથી નાના ખાણી-પીણીના વ્યવસાયીઓ માટે પરિસ્થિતિ સંકટજનક

સુરતઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે સ્થાનિક જીવન પર સ્પષ્ટ દેખાઈ રહી છે. ખાસ કરીને એલપીજી ગેસના પુરવઠામાં ઘટાડા કારણે શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગેસ સિલિન્ડરની ખેંચતાણ યથાવત જોવા મળી રહી છે. ઘરેલુ ગેસની સ્થિતિ હવે ધીમે ધીમે સ્થિર થઈ રહી છે, પરંતુ એલપીજી ગેસનો પુરવઠો હજુ પણ પૂરતો ન હોવાથી નાના ખાણી-પીણીના વ્યવસાયીઓ

...અનુસંધાન પાના 5 પર

### કાળા બજારીમાં 4000 ચૂકવી ગેસ બોટલની ખરીદી: રાકેશ યાદવ

ભટાર રોડ વિસ્તારમાં ચાહની લારી ચલાવતા રાકેશ યાદવે જણાવ્યું હતું કે ગેસની અછતને કારણે તેમનો ધંધો ચલાવવો મુશ્કેલ બની ગયો છે. હજુ પણ અમારે કાળા બજારમાંથી ગેસ સિલિન્ડર લેવા પડે છે. એક સિલિન્ડર માટે 4000 રૂપિયા સુધી ચૂકવવા પડે છે, આ પરિસ્થિતિમાં રોજનું કમાણું જળવાઈ રાખવું મુશ્કેલ બની ગયું છે.





### ફાસ્ટફૂડ લારી હજુ પણ બંધ

મોરાભાગળ વિસ્તારના જહાંગીરા ખાતે રંગીલા ફાસ્ટફૂડ લારી ચલાવતા આનંદ પટેલે ગેસની તંગી વચ્ચે પોતાનો ધંધો બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેઓ કહે છે, ગેસ મળતો ન હોવાથી લારી

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં આગાહી વાદળોની હતી અને ગરમી ફરી વળી

**તાપમાન** ૩૮.૯ ડિગ્રી, તડકો આકરો

સુરતઃ શહેરમાં ઉનાળાની ગરમી સતત તેજ બનતી જાય છે. આજે મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને ૩૮.૯ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટીને ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં આવેલા આ ફેરફારને કારણે દિવસ દરમિયાન ગરમીનો ત્રાસ વધુ તીવ્ર અનુભવાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ માત્ર ૨૪ ટકા રહેતા વાતાવરણ વધુ સૂકું બન્યું હતું. સાથે જ ઉત્તર-પશ્ચિમ દિશામાંથી આશરે ૬ કિમી પ્રતિ કલાકની ગતિએ પવન ફુંકાતા થોડી રાહત મળી હોવા છતાં ગરમીની તીવ્રતા ઓછી થઈ નહોતી. બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી ગઈ હતી અને ગરમીથી બચવા લોકો છાંયો તથા

...અનુસંધાન પાના 5 પર

### રાજ્યમાં હીટવેવ, અમરેલીમાં 41 ડિગ્રી, હજુ 2-3 ડિગ્રી વધશે

અમદાવાદ: ગુજરાતમાં ગરમીનો પારો ફરી ચઢ્યો છે અને આગામી દિવસોમાં પણ ગરમીમાંથી રાહત મળવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. હવામાન વિભાગના તાજા આંકડાઓ મુજબ રાજ્યના અનેક શહેરોમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું છે.રાજકોટ અને અમરેલીમાં આજે ગરમીનો પારો 41 ડિગ્રીએ પહોચી ગયો હતો. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, ભૂજમાં 39 ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં 35 ડિગ્રી, કંડલા પોર્ટ પર 36 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી

...અનુસંધાન પાના 5 પર

**ઈનોવેશન** મોબાઈલ, રિમોટ અને AI મેપિંગથી ચાલતી સ્માર્ટ સાઈકલ શહેરમાં બની આકર્ષણનું કેન્દ્ર, લોકો જોવા ઉમટ્યા

# સુરતમાં દોડી ચાલક વિનાની 'ઘોસ્ટ સાઈકલ'



(તસવીર : સતીષ જાદવ)

**એઆઈ** અને એન્જિનિયરિંગની ક્રિએટિવિટીથી યુવા ઈનોવેટર શિવમ મૌર્યની અનોખી શોધ

સુરતઃ સુરત શહેરમાં ટેક્નોલોજી અને ઈનોવેશનનો અનોખો નજારો જોવા મળ્યો છે, જ્યાં બીટેક મેકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થી શિવમ મૌર્યએ વિના ડ્રાઈવરની "ઘોસ્ટ સાયકલ" બનાવી લોકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. આ સાઈકલ કોઈ માનવીય હસ્તક્ષેપ વિના રસ્તા પર દોડી શકે છે, જેને જોઈને લોકોને જાણે કોઈ અદૃશ્ય શક્તિ તેને ચલાવી રહી હોય તેવો અનુભવ થાય છે.

આ અનોખી સાયકલ બનાવવામાં લગભગ ત્રણ મહિના જેટલો સમય લાગ્યો હતો અને કુલ ખર્ચ અંદાજે 35,000 થયો છે. સાઈકલમાં ત્રણ

...અનુસંધાન પાના 5 પર

### "ક્રિએટિવ સાયન્સ"થી શિવમ મોર્યએ દેશભરમાં અલગ ઓળખ ઊભી કરી



શિવમ મૌર્ય માત્ર એક વિદ્યાર્થી જ નહીં, પરંતુ એક પ્રતિભાશાળી ઈનોવેટર તરીકે પણ જાણીતા બન્યા છે. તેઓ પોતાની "ક્રિએટિવ સાઈન્સ" નામની યુટ્યુબ ચેનલનાં પ્લેટફોર્મથી દેશભરમાં લોકપ્રિયતા મેળવી ચૂક્યા છે. આ ચેનલ પર તેમના 20 લાખથી વધુ સબસ્ક્રાયબર્સ છે, જ્યાં તેઓ પોતાના વિવિધ ટેક્નોલોજીકલ પ્રયોગો અને ઈનોવેશન રજૂ કરે છે. આ પહેલાં પણ શિવમે અનેક અનોખા પ્રોજેક્ટ તૈયાર કર્યા છે, જેમાં 'ગરુડા એઆઈ બાઈક', કેપ્સ્યુલ કાર્ટ, બનાના કાર, હટ, વનવ્હીલ સ્કૂટર, મોટરસાઈકલ અને રોબોટ રિક્ષા જેવા ઈનોવેશનનો સમાવેશ થાય છે. તેમના આ પ્રયોગો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા છે અને દેશભરમાં ચર્ચાનો વિષય બન્યા છે.

# સુરતીઓની તકલીફનો અંત, 'સબરસ ગરનાળું' નાના વાહનો માટે ખુલી ગયું

**સુરત** રેલવે સ્ટેશનના રિ-ડેવલમેન્ટને કારણે સબરસ ગરનાળું બંધ કરાયું હતું



સુરતઃ સુરત રેલવે સ્ટેશનના રિડેવલોપમેન્ટ અને મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે, જેના કારણે સ્ટેશન વિસ્તારના અનેક રસ્તાઓ પર ડાયવર્ઝન અને ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને લંબે હનુમાન રોડથી દિલ્હી ગેટ તરફ જતું 'સબરસ ગરનાળુ' તમામ વાહનો માટે બંધ હોવાથી વરાછા તરફથી આવતા ચાલકોએ ફરજિયાત આયુર્વેદિક ગરનાળાનો ઉપયોગ કરવો પડતો હતો. આના પરિણામે આયુર્વેદિક ગરનાળા અને તેની આસપાસના વિસ્તારોમાં વાહનચાલકોને કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક સેક્ટર-1 ની કચેરી દ્વારા

...અનુસંધાન પાના 5 પર



**સુરતી ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું**

દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની અ.સૌ. નિર્મલાબેન ચંદુલાલ માટલીવાલાનું તા. ૨૦-૦૪-૨૦૨૬ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે.

પ્રભુ એમની આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના....

સદ્‌ગતનું બેસણું :- તા. ૨૨-૦૪-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
બેસણાનું સ્થળ:- ઘમણવાલા એ.સી. હોલ સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.

અ.સૌ. સ્વ. નિર્મલાબેન ચંદુલાલ માટલીવાલા
સ્વ. તા. ૨૦-૦૪-૨૦૨૬
તિથિ- વૈશાખ સુદ ત્રીજ

લિ. ચંદુલાલ ઈશ્વરલાલ માટલીવાલા (પતિ)
મનોજભાઈ ચંદુલાલ માટલીવાલા (પુત્ર)
કામાક્ષી મનોજભાઈ માટલીવાલા (પુત્રવધુ)
પુષ્કર મનોજભાઈ માટલીવાલા (પૌત્ર)
માલા મનોજકુમાર પાનાવાલા (પુત્રી)
મનોજકુમાર શાંતીચંદ પાનાવાલા (જમાઈ)
દિવ્ય મનોજકુમાર પાનાવાલા (ભાણેજ)
તથા સમસ્ત માટલીવાલા પરિવાર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**


| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અનાવિલ અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજનશ્રી દેવાંગ જીતેન્દ્ર દેસાઈ (ખરસાડ)નું તા. ૨૦.૦૪.૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્‌ગતનું સંયુક્ત બેસણું
તા. ૨૩.૦૪.૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન
"ભારતીય પોલીટેકનીક એનીમલ હસ્બન્ડરી"
BPAH Hall, પાંજરાપોળ ટ્રસ્ટ,
ઘોડદોડ રોડ સુરત મુકામે રાખેલ છે

સ્વ. દેવાંગ જીતેન્દ્ર દેસાઈ
સ્વ. તા. ૨૦.૦૪.૨૦૨૬

નોંધ : લૌકિક રીવાજ સદંતર બંધ છે.

**શોકાતુર**

ફાલ્ગુની દેવાંગ દેસાઈ-પત્ની-ગુજરાત ગેસ
સંધ્યા (સંગીતા) જીતેન્દ્ર દેસાઈ - બેન
ધ્યેય દેવાંગ દેસાઈ - પુત્ર
કાજલ ધ્યેય દેસાઈ - પુત્રવધુ

**શ્વસુર પક્ષ**

સ્વ. રમેશચંદ્ર અમૃતલાલ દેસાઈ - સ્વ. દક્ષાબેન રમેશચંદ્ર દેસાઈ (વલસાડ)
હેમાલી - કુંજન હર્ષદરાય દેસાઈ (સાળી-સાઢુભાઈ) સુરત



**વ્હાલા માતૃશ્રીને પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

નાના મોટા સૌને શીતળ છાયા દીધી હતી, થાક, તાપ, વેઠીને સૃષ્ટિ ઘડી હતી, અનેક લોકોના રાહબર બન્યા હતા. આપે સદાય કાંટા વિણીને રસ્તે અમારે ફુલો મુક્યા હતા, આપનો પરોપકારી સ્વભાવ, નિઃસ્વાર્થ સેવા સર્વે પ્રત્યેનો વાત્સલ્ય-પ્રેમ અમોને પ્રેરણા આપતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.નિતિકાબેન પરીતોષ શાહ
સ્વ.તા.૨૨/૦૩/૨૦૨૬

લિ.
જૈની (પુત્રી)-જૈમીન (જમાઈ), ચૈતષ (પુત્ર)-હની (પુત્રવધુ)
ધીત્યા (દોહીત્રી)-તાસા (દોહીત્રી)
આર્યન (પૌત્ર)-ખેવના (પૌત્રી)
ક્ષમા (ભત્રીજી)
ભાવિન (ભત્રીજો)-જવલંત (ભત્રીજો)-રવિ (ભત્રીજો)
અમિતા, નેહા, સિદ્ધિ, શીખા, ખુશી, હીર, નાયરા
સ્વ.વિદ્યાબેન શાંતિલાલ શાહ પરિવાર.




**પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**

નાના મોટા સૌને શીતળ છાયા આપી ગયા, સદ્‌ગુણ સુવાસ ફેલાવતા ગયા
સદાય કાંટા વિણીને રસ્તે અમારે ફુલો મૂકતા ગયા
લોકોના હૃદયમાં જીવીત રહેવુ એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિ રૂપે કાયમી જીવંત છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

સ્વ. સુરેશભાઈ મોહનભાઈ પશુવાલા
જ.તા. ૧૫/૧૧/૧૯૫૩
સ્વ. તા. ૨૨/૦૪/૨૦૨૫

લિ.
ગં.સ્વ.નિરંજનાબેન સુરેશભાઈ પશુવાલા
કેલ્વીન સુરેશભાઈ પશુવાલા (પુત્ર) | પ્રિયા કેલ્વીન પશુવાલા (પુત્રવધુ)
પ્રિયાંક સુરેશભાઈ પશુવાલા (પુત્ર) | કુશાંગી પ્રિયાંક પશુવાલા (પુત્રવધુ)
કરિશ્મા કમલકુમાર શાહ (પુત્રી) | કમલકુમાર દિનેશભાઈ શાહ (જમાઈ)
આર્યન, કિઆન, ખુશી
સમસ્ત પશુવાલા પરિવાર ના જય શ્રી કૃષ્ણ



**ભાવભીની શ્રદ્ધાંજલિ**

સત્યના રાહ પર જીવન વિતાવ્યું આપે, પુરૂષાર્થ, સાદગી અને સેવા થકી જીવન સજાવ્યું આપે, સાર્થક કર્યું માનવ જીવન, જીવી બતાવ્યું આપે, આપનું સાદગીભર્યુ તેમજ પરિશ્રમી જીવન, માયાળુ સવભાવ તથા સદૈવ સેવાની ભાવના હંમેશા યાદ રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને સદ્‌ગતિ અર્પે એજ તમારા મિત્રમંડળની પ્રાર્થના.

સ્વ. દિનેશચંદ્ર નગીનદાસ ખરવર(મુચ્છળ)
સ્વ.તા.: ૧૭/૦૪/૨૦૨૬

લિ.
વિનોદ માંડવીવાલા | મુકેશ (સદામ)
રાજુભાઈ શેરડીવાલા | કિરીટ જરીવાલા
ઈન્દ્રવદનભાઈ જરીવાલા | પ્રવિણ ચપડીયા
અરવિંદભાઈ પીકાવાલા | રાકેશ વર્મા (મેક્ષ)
જગમોહન જરીવાલા | લોકેશ ગૌવડા
જયંતિભાઈ ધીમ્મર | હેમંતભાઈ જરીવાલા
કિરણભાઈ દેસાઈ | રાજેશ જરીવાલા
જયવદન રૂઘનાથવાલા | અશોક પાટીલ
વિજય ચેવલી
હરિૐ મોર્નિંગ-વોક ગૃપ